

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*કરે છે 'મ્યાંઉ' ખૂદને, જાતે બિલાડી પાળી છે,*
*હુંકારના ટંકારથી કરી 'કેજરી' વાળી છે,*
*ભાળી ગ્યા નેતાગીરી હવે વાગે ઠેર-ઠેર થાળી -*
*કર્યું છે હાથે કરીને લગાણું, લંકા બાળી છે..*
*(પાટીદારની પૂંછ બાળી)*

હાઈકુ

*પાળ્યો પોપટ,*
*બની ગયો બેકાબૂ -*
*બોલે ન 'રામ'*
*(સમજૂતિ નથી કરવી)*

*દોડે હાર્દિકે*
*હાર્દ સમજ્યા વિના -*
*દિશાવિહીન...*
*(રાષ્ટ્રીય નેતા થવું છે!!)*

### ચિંતન

**ધર્મ એવ હન્તો હતો ધર્મો રક્ષતિ રક્ષતઃ । તસ્માદ્ધર્મ ન ત્યજામિ મા નો ધર્મા હતો અવધીત્ ॥**

ધર્મ, સ્વયં નો નિરાદર કરનારને નષ્ટ કરી નાખે છે, મારી નાખે છે અને પોતાનું (ધર્મનું) રક્ષણ કરનારની રક્ષા કરે છે એટલા માટે જ ધર્મનો કયારેય ત્યાગ ન કરવો અને ધર્મને કદી પણ નિષ્પ્રાણ પણ ન સમજવો. આથી સદાય ધર્મનું પાલન-પોષણ અને રક્ષા કરવી જોઈએ.

ધર્મ એટલે સત્ય-સદાચારનું આચરણ-પરહિત-સમાજ સેવા-કોઈ પણ જાતના ફળ-કે અપેક્ષા વિના 'તટસ્થ' રહી કર્તવ્યનું પાલન કરવું.

આ બાબતોનો નિરાદર કરે, વિરોધ કરે કે પાલન ન કરે તો તેવી વ્યક્તિનો નાશ થાય છે. ભલભલા સંત-સાધુ-બાપુઓ ના પણ આવી જ રીતે પતન થયાં છે અને નષ્ટ થઈ ગયા છે.

આવી જ રીતે 'સત્ય'નું પાલન કરનાર તદ્દન સરળ-નિર્લેપ વ્યક્તિ 'ગાંધીજી' એ એકલ હાથ વિશ્વની મોટી મહાસત્તાને લાકડી ઉપાડ્યા વિના હાંકી કાઢી - ધર્મ સત્ય-પાલન કરનારનું રક્ષણ પણ કરે છે.

પ્રહલાદ્ - ધ્રુવ પૌરાણિક દ્દષ્ટાંત છે.

### સુવિચાર

- જો તમે ઈચ્છો છો કે, લોકો તમને 'ભલા માણસ' કહે... તો પોતાને કદી 'ભલા માણસ' ન કહો - **એસ. ભટ્ટાચાર્ય**
- તમે સમાજ પાસેથી જે લો એ પ્રતિષ્ઠા.. તમે જે આપો એ ચારિત્ર્ય... જે પળથી તમે આ સમજો એ પળથી જ જીવવાની સાચી શરુઆત કરી છે એમ માનજો - **શેક્સપિયર**
- જિજ્ઞાસા બુદ્ધિનો સ્થાયી અને નિશ્ચિત ગુણ છે - **જ્ઞાનસૂત્ર**
- અંધ કોણ ? જેને કર્તવ્યનું ભાન નથી તે... બહેરો કોણ? જે હિતની વાત સાંભળતો નથી તે... મુંગો કોણ ? ખરે સમયે બોલતો નથી તે.... - **સંત તુલસીદાસ**
- આયોજનપૂર્વક કામ કરાય તે શારીરિત સંપત્તિ, આર્થિક સંપત્તિને માનસિક સંપત્તિ હંમેશા વધતી જ હોય છે, સમાજમાં ઉન્નત મસ્તકે ફરવું હોય તો સદા કામ કરતો રહો - **વિનોબા ભાવે**
- ઉદાહરણ એ સાબિતી નથી - **યહુદી કહેવત**

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

કોઈ પણ બાબત ન કરવી હોય તો આપણે આસપાસના વાતાવરણના બહાનાં કાઢીએ, વિદ્યાર્થી કહે છે આજુબાજુ સ્પીકરનો અવાજ આવે છે વંચાતુ નથી, સ્ત્રીઓ-મને આ ફાવે, જગ્યા-ઓશીકું બદલાય તો ઉંઘ ન આવે. પૂજામાં-ધ્યાનમાં શાંતિ નથી, ટાઈમ નથી વગેરે...

શ્રી યાજ્ઞવલ્ક ઋષિના શિષ્યએ - સુદીર્ઘ ઋષિને પૂછ્યું - અત્યારે સંસારમાં શ્રેષ્ઠ યોગી કોણ છે?

યાજ્ઞવલ્કએ કહ્યું - મિથિલાનગરીના રાજા જનકદેવ...

સુદીર્ઘ - રાજા જે સત્તા-સુવિધા-ભોગ વચ્ચે રહેતા હોય તે શ્રેષ્ઠ યોગી હોઈ જ કેમ શકે?

ઋષિએ - શિષ્ય બેટા! તું એમને રુબરુ દર્શને જા - ત્યારે જ તને સમજાશે...

સુદીર્ઘ જયારે જનક દરબારમાં પહોંચ્યો ત્યારે ગાયન-વાદન ચાલતું હતું. ભીડ વચ્ચે જનકરાજા લોકોની ફરિયાદ સાંભળી ન્યાય આપતા હતા. દરબારીઓને સલાહ-સૂચન આપતા હતા. હાથમાં માળા તો ફરતી જ હતી. સુદીર્ઘને એ વાતાવરણ જોઈને અર્ધુ સત્ય તો સમજાઈ ગયું. પછી રાજા જનકે એમને નજીક બોલાવી કહ્યું, હે ઋષિ પુત્ર, બોલો તમને અમારા 'તપોવન'માં આવવાનું કેમ થયું?

સુદીર્ઘે કહ્યું, આપ આવા કોલાહલ વચ્ચે પણ કર્તવ્ય બજાવો છો અને ઈશ્વરનું સતત સ્મરણ કરો છો, મારા ગુરુદેવના કહેવા પ્રમાણે ખરેખર આપ 'શ્રેષ્ઠ યોગી' છો જ.

# વિવેચક જીત્યા, પ્રકાશક હાર્યા

### તંત્રીસ્થાનેથી....

સાહિત્ય આમ જનતાથી છેટું પડી જઈ યુનિવર્સિટીનાં ભવનોમાં કેદ થયા પછી શતાયુ વટાવી ચૂકેલી ગુજરાતની સર્વમાન્ય સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણી કોઈ પ્રજાકીય રસનો વિષય નથી રહ્યો, પરંતુ એ પણ હકીકત નોંધવી રહી કે ગુજરાતી સાહિત્ય પરિષદ ઘણાં વર્ષો સુધી ગુજરાતી પ્રજાના મિજાજ અને સંસ્કારોની પ્રતિનિધિ સંસ્થા ગણાતી રહી હતી. કયારેક આ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણી મોહનદાસ કરમચંદ ગાંધી પણ હાર્યા હતા ! કનૈયાલાલ મુનશી અને ઉમાશંકર જોશી પછીની સાહિત્ય પરિષદમાં જીવનધર્મી રઘુવીર ચૌધરી સૌથી શક્તિશાળી સાહિત્ય-માંધાતા તરીકે ઊપસી આવ્યા પરંતુ સાહિત્ય પ્રજાથી દૂર થતું ચાલ્યું અથવા પ્રજાને સર્જનાત્મક સાહિત્યમાં રસ ઓછો થતો ચાલ્યો છે. એથી વચ્ચે નારાયણ દેસાઈ જેવા કર્મઠ ગાંધીજનના શિરે પ્રમુખપદનો તાજ મુકાયો ત્યારે પણ ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રજાકીય સ્તરે લોકપ્રિય નહોતી બની શકી, એ હકીકત સખેત નોંધવી જ રહી. નરેન્દ્ર મોદીએ વારંવાર સાહિત્યમાં ચાલતા રાજકારણની સરખામણીએ પોતે મર્યાદિત રાજકારણના માણસ હોવાનો અભિપ્રાય દર્શાવ્યો હતો, તે અમથો ? સાહિત્ય પરિષદના પ્રમુખ સર્વાનુમતિથી ચૂંટાઈ આવે એવા જ પ્રયાસો થતા હોય છે અને ચૂંટણી અનિવાર્ય સંજોગોમાં જ થતી હોય છે. છેલ્લાં પચીસેક વર્ષો દરમિયાન ફક્ત બે વાર પ્રમુખની 'ચૂંટણી' કરવી પડી છે. પ્રખર સારસ્વત - વિવેચક રમણલાલ જોશી સામે સુરત નિવાસી કવિ જયંત પાઠક જીતી ગયા હતા અને નજીકના જ ભૂતકાળમાં હાસ્યકાર બકુલ ત્રિપાઠીએ સાક્ષર અને 'નિરીક્ષક' વિચારપત્રના ભૂતપૂર્વ તંત્રી જયંત પંડ્યાને પરાજિત કર્યા હતા. આ વખતે પ્રખર વિવેચક ચંદ્રકાન્ત ટોપીવાળા અને સુરતના પ્રકાશક-લેખક-વિચારક નાનુભાઈ નાયક વચ્ચે સ્પર્ધા હતી. જો સમાધાન થયું હોત તો આ બે પૈકી કોઈ ચિત્રમાં ન હોત અને જાણીતા કવિ ચંદ્રકાન્ત શેઠ સર્વસંમત ઉમેદવાર તરીકે પ્રમુખ જાહેર થયા હોત. સ્પર્ધા અનિવાર્ય બની ત્યારે ચંદ્રકાન્ત શેઠ ખસી ગયા ખરા, પરંતુ વિદ્વાનોની મંડળીએ ચંદ્રકાન્ત ટોપીવાળાની ઉમેદવારીનું ખુલ્લું સમર્થન કર્યું, જેમાં ચંદ્રકાન્ત શેઠ પણ સામેલ હતા. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાના મુદ્દે સારસ્વત-સાક્ષર સમુદાયનો સામૂહિક વિરોધ પણ ટોપીવાળાને ફળ્યો છે. નાનુભાઈ નાયકને સાહિત્ય અકાદમી પ્રેરિત સરકારી ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરાયા, ત્યાં સુધી કે રાજય સરકારના મંત્રી નાનુભાઈ વાનાણી પોતે હમવતન - સુરતી સ્પિરિટમાં નાનુભાઈ નાયકના સમર્થક તરીકે બહાર આવી ગયા. આથી વિશેષ પણે ગુજરાતીના અધ્યાપકોનું ધ્રુવીકરણ થયું અને કુલ મતદાન ઓછું થયું પરંતુ સવિશેષ અધ્યાપકોનું જ થયું, અને તે ચંદ્રકાન્ત ટોપીવાલાની જ તરફેણમાં થયું. સુરત અને અમદાવાદ વચ્ચેની લડાઈમાં અમદાવાદનું પલ્લુ ભારે રહ્યું. દેખીતી રીતે જ વિદ્વાન સાક્ષર અને સાલસ પ્રકાશક વચ્ચેની સ્પર્ધામાં સાહિત્ય પરિષદની ધુરા સંભાળવા માટે સાક્ષર જ વધારે લાયક ગણાય.

# બુદ્ધિનો વિષય ગણિત પણ હૃદયથી સેવા કરતા કુષ્ઠરોગીના સેવક સુરેશભાઈ સોની

**મળવા જેવા માણસ**
**નટવર આહલપરા**



મિત્ર, ભીમજી નાકરાણીના ષષ્ઠિપૂર્તિ ઉત્સવમાં આદરણીય સુરેશભાઈને મળવાનો અને સાંભળવાનો લ્હાવો મળ્યો હતો. તાજેતરમાં વરિષ્ઠ લેખક અને કેળવણીકાર ભદ્રાયુ વચ્છરાજાનીના પુસ્તક ૧૦૦ માનવરત્નોમાં પણ સુરેશભાઈને નજીકથી મળવાનું થયું. ભદ્રાયુભાઈના પુસ્તકના સૌજન્યથી સાચાં મોંઘેરા મોતીને આપણે મળીએ, તેમની વંદના કરીએ.

મૂળ કર્ણાટકના શરણપ્પા. વીસ વર્ષના હતા ને રક્તપિત્ત થયો. ઘર છોડી મુંબઈ આવીને રહ્યા. બેન મહાદેવીને પણ રક્તપિત્ત થતાં અમદાવાદ આવતી રહી. શરણપ્પા અને મહાદેવીની પુત્રી ઈશ્વરીનું લગ્ન થયું. શરણપ્પાને પગમાં ચાઠાં થવાની સહયોગ કુષ્ટ યજ્ઞ ટ્રસ્ટમાં સારવાર ચાલે. એમનાં ત્રણ સંતાનો અહીં ભણે. એમાંનો એક રમેશ સહયોગમાં રહીને ભણ્યો ને એમ.બી.એ. થયો. ભણતો હતો ત્યારે માતા કેન્સરના કારણે મૃત્યુ પામ્યાં તો સહયોગના સુરેશ સોનીને રમેશને માતાની અંતિમવિધિ કરવા અમદાવાદથી મુંબઈ વિમાનમાં મોકલેલો! એમ.બી.એ. પાસ કરીને બહારની દુનિયામાં બે ચાર વર્ષનો અનુભવ લઈ આવ્યા પછી રમેશે પોતાનું જીવન સંસ્થાને સમર્પિત કરી દીધું છે. કેમ? રમેશ જાણે છે કે મા-બાપ બંને લેપ્રસીથી પીડાઈને મૃત્યુ પામ્યા હોય તેનું બાળક સહયોગમાં ન હોય અને બહાર હોય તો મોટે ભાગે ભીખ જ માગતું હોય.

ઈશ્વરના દર્શન કરતા પહેલા રમેશભાઈના દર્શન થાય તો...?

ફર્સ્ટ વીથ ડિસ્ટીંકશનમાં એમ.એસસી. થઈ, આ જ વિશ્વવિખ્યાત યુનિવર્સિટીમાંથી અધ્યાપકની સરસ મજાની, મોભા અને માભાવાળી, આરામદાયક નોકરી છોડીને રક્તપિત્તનાં રોગીઓની સેવાએ લાગવાનું જેને સૂઝે અને એમાં જ જીવન ન્યોછાવર કરે એ કાંઈ સાદો માનવજીવ હોઈ શકે? માણસનાં ખોળિયાંમાં કોઈ ફરિશ્યો જોઈ લો! ટૂંકી ખાદી ચડ્ડી ને ટૂંકો સદરો, દાંતમાં બખોલ પણ વહાલું લાગે તેવું બોખું સ્મિત! સહયોગ હિંમતનગર-શામળાજી હાઈવે પર રાજેન્દ્રનગર ચોકડી પાસે વસેલું એક ગામ છે.

ગાંધીજીને ખૂબ મોડા વાંચનાર સુરેશ સોની ગાંધીને જીવતા હતા તો નાનપણથી. ખાદી કયારે સુરેશ સોનીમાં સૂકલકડી દેહનું સૌદર્ય બની તે તેને યાદ નથી. ગાંધીનું એક સ્વપ્નું અધુરું રહી ગયેલું : 'રક્તપિત્તના દર્દીઓની સેવા કરવી.' મહાત્માજીની આ અધૂરી સેવા પૂર્ણ કરવા સુરેશ સોની અવતર્યા છે. ઈન્દિરાબહેન કહે છે : 'મેં જો એમનો પત્ર વાંચીને હા ન પાડી હોત તો આજે હું પસ્તાતી હોય, સોની દાગીના ઘડે, આ સોનીએ મારું ઘડતર કર્યું છે.' સહયોગના દ્વારા બેઠેલા વૃદ્ધે મારી ગાડી અટકાવી કહ્યું : 'હવે કયાંક દર્શન નહીં જાવ તો ચાલશે. સુગની સોબત કરનારા અમારા સુરેશદેવને મળો એટલે ચારધામની યાત્રા પૂરી...' આ જ દાદા રસ્તે મળ્યા હોત ને પાટા બાંધેલ હાથે ગાડી રોકી હોત તો નાકનું ટીચકું ચડત; પણ અહીંનાં વાઈબ્રેશને એમ કરતાં અટકાવ્યો. સંતનાં દેરાંની ધરતીની આ તાકાતથી વિશેષતમ વ્યક્તિત્વ તરફ માથું ઝૂક્યું! અને આપણું મસ્તક સુરેશભાઈને ઝૂકે અને ઝુકે જ!



સહયોગ ટ્રસ્ટ માત્ર રક્તપિત્ત, મંદબુદ્ધિ કે વિકલાંગો માટેનું આશ્રયસ્થાન જ નથી. પંચમહાલથી અંબાજી પગપાળા યાત્રા કરનાર ભક્તો માટે ટ્રસ્ટ વર્ષોથી રાત્રિરોકાણ અને દિવસે આરામની વ્યવસ્થા પૂરી પાડે છે. મંદિર ભક્તો માટે ચોવીસેય કલાક ખુલ્લું હોય છે. આરામની વ્યવસ્થા પુરી પાડે છે. સુરેશ સોનીને વિચાર આવ્યો કે 'મારાં આ કાર્યથી ગામની સીમને શો લાભ? જે ગામે મને પોતાનો ગણીને અપનાવ્યો છે. એ ગામલોકો માટે પણ મારે કશુંક કરવું જોઈએ.' પોતે તો આશ્રમની જમીનના ટ્રસ્ટી છે તેમ સ્વીકારી તેમણે ગામમાંથી શહેરનાં અપડાઉન કરતાં લોકો માટે વિનામૂલ્યે પાર્કિંગની વ્યવસ્થા કરી છે. સુરેશભાઈ કહે છે કે, 'અમે સેવક નથી, અમે તો પ્રેમી છીએ.' સહયોગમાં વસતા રોગીઓ જરાતરા રાજા થાય કે સ્વેચ્છાથી કામે લાગે છે. અહીંના રહેવાસીઓને ગુજરાન ચલાવવા માટે માત્ર તાલીમ અને રોજગારી જ નથી અપાતી. તેઓ પોતાની કમાણીમાંથી નિયમિત બચત કરે છે. સુતરની દર આંટીએ પચાસ પૈસા લેખે થયેલી વીસ હજાર રૂપિયાની બચતમાંથી એક દંપત્તિએ પોતાની દીકરીને સહયોગનાં માંડવે પરણાવી!

સહયોગ સંસ્થા નથી એક ગામ છે કારણ અહીં એક હજાર લોકો વસે છે. ૩૫૭ રક્તપિત્તો, ૨૩૯ બાળખો, ૪૦૭ મંદબુદ્ધિવાળા ભાઈઓ-બહેનો. અહીં પાંત્રીસ વૃદ્ધ અપંગ સચવાય છે. પોણા બસો અપંગ રક્તપિત્તગ્રસ્તો છે. બસો દર્દીઓ કાંતે છે, વણાટ કરે છે અને પોણા છ લાખ જેટલું મહેનતાણું વર્ષે રળે છે! નંદનવન સમા આ ગોકુળીયા ગામમાં ગંદકી નથી, શહેરની જેમ સડક, પાણી, વીજળી છે. દરેક ઘરે તુલસીકયારો છે. સાંજે સાડા વાગે એટલે આશ્રમવાસીઓ દીપ પ્રગટાવી સમૂહ પ્રાર્થના કરે છે.

ઈન્દિરાબેન ખાધેપીધે સુખી પરીવારનાં ઉછરેલા. માંગુ આવ્યું એટલે સુરેશભાઈનો

અનુસંધાન પાના નં. ૭ પર

# કયા જાય છે આ માસૂમ ફૂલો ???

**રજ્જળપાટ**
**અજય ઉપાધ્યાય**



ફેબ્રુઆરી ૨૦૧૩મા સુપ્રીમ કોર્ટે સરકારને આકરા પાણીએ કહેલું કે અત્યાર સુધી ગુમ થયેલા અંદાઝે દોઢ લાખ બાળકોને શોધવા માટે પૂરતા પ્રયાસો કેમ નથી થયા? કોર્ટે આગળ કહેલું કે જાણે કે સરકારને ગુમ થયેલા બાળકો અને એમના પીડિત પરિવારો પ્રત્યે કોઈ હમદર્દી જ નથી. આજે એ વાતને બે વર્ષ થઈ ગયા, સરકાર પણ બદલાઈ ગઈ પરંતુ પરિસ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર નથી થયો. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોની વેબસાઈટ પર મિસિંગ પર્સન્સનો આંકડો જોવા કોશિશ કરી તો લખેલું આવ્યું કે 'આંકડે જલ્દ ઉપલબ્ધ હોંગે 'પણ ટાઈમ્સના એક અહેવાલ મુજબ ૨૦૧૩ના દોઢ લાખમાં આજે બીજા દોઢ લાખ ગુમશુદા બાળકોનો ઉમેરો થઈ ગયો છે અને કરુણતા એ છે કે એમાંના અંદાજે અર્ધા જેવા બાળકો હજુ પણ ગુમશુદા જ છે. મતલબ કે લગભગ દોઢ લાખ બાળકો વિષે કોઈ માહિતી મળી શકી નથી કે નથી એમને શોધી શકાયા.

જુલાઈમાં સંસંદમાં રજુ થયેલા એક અહેવાલ મુજબ ૨૦૧૧થી જુન ૨૦૧૪ સુધીમાં ૩.૨૫ લાખ બાળકો ગુમ થયા છે મતલબ કે એવરેજ એક વર્ષમાં એક લાખ!! નેશનલ ક્રાઈમ બ્યુરોની સાઈટ પર ભલે આંકડા ઉપલબ્ધ નાં હોય પણ અંદાજે દર આઠ મીનીટે હિન્દુસ્તાનમાં એક બાળક ગુમ થઈ રહ્યું છે અને એ કરતા પણ ચોકાવનારી વાત એ છે કે ગુમ થતા બાળકોમાં લગભગ અર્ધા કરતા વધુ સંખ્યા છોકરીઓની છે જેમાંથી મોટાભાગની છોકરીઓનો ઉપયોગ વેશ્યાવૃતિ અને ભીખ માંગવાની પ્રવૃતિમાં વધુ થાય છે.મહારાષ્ટ્રમાં બાળકો ગુમ થવાની સ્થતિ વધુ ગંભીર છે કે જયાં છેલ્લા અઢી વર્ષમાં અંદાજે ૫૦૦૦૦ બાળકો ગુમ થવાના બનાવો નોંધાયા છે અને એમાં પણ છોકરીઓની સંખ્યા ૧૦૦૦૦ જેટલી વધુ છે. એ પછી મધ્યપ્રદેશ, દિલ્હી અને આંધ્રનો નમ્બર આવે છે. ગુજરાત ૨૦૧૪મા આ મામલે આઠમાં નંબરે હતું. ૨૦૧૩મા તો સુપ્રીમ કોર્ટે ગુમ થયેલા બાળકોની ફરિયાદના તપાસના મામલે અરુણાચલ પ્રદેશ અને તામીલનાડુની સાથે સાથે ગુજરાતના ચીફ સેક્રેટરીને બિનજામીનપાત્ર વોરંટ કાઢવાની ચેતવણી પણ ફટકારેલી.

એવું પણ સાવ નથી કે સરકાર કે પોલીસ આ બાબતમાં ઉદાસીન વલણ રાખે છે કે તપાસો નથી કરતી. મોદી સરકારે ગુમશુદા બાળકોની ભાળ મેળવવામાં મદદરૂપ થવા ખાસ ખોયા-પાયા નામે એક અલાયદી વેબસાઈટ પણ શરુ કરેલી છે કે જયાં ગુમ થયેલા બાળકો વિષે માહિતી આપી અને મેળવી શકાય છે અને શરુ થયાના ત્રણ મહિનામાં ૧૫૦ જેટલા બાળકોને ફરીથી એમના માંબાપ સાથે મેળાપ પણ કરાવી ચુકી છે પણ જયાં દેશમાં રોજના અંદાજે ૩૦૦ બાળકો ગુમ થતા હોય ત્યાં ૧૫૦ની પરત ભાળ મળે એ ક્યાંથી ચાલે? પણ ચિંતાની વાત એ છે કે જેટલા પરત મળે છે લગભગ એટલા જ બાળકોનો કોઈ અત્તોપત્તો મળતો જ નથી, ખબર નથી પડતી કે આ માસૂમોને જમીન ખા જાતી હૈ કી આસમાં નિગલ જાતા હૈ? પારિવારિક કે ધંધાકીય દુશ્મનીમાં અપહરણ કરાયેલા અને પછી મારી નંખાયેલા બાળકોને ગણતરીમાં નાં લઈએ તો પણ ગુમ થતા બાળકોમાંથી ક્યારેય પરત નાં આવતા બાળકોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. સરકાર, પોલીસ અને ઢગલાબંધ સ્વૈચ્છિક સંસ્થાઓના અઢળક પ્રયાસો છતાં પણ ક્યારેય શોધી નાં શકાતા બાળકોની દિનપ્રતિદિન વધતી જતી સંખ્યા સમાજ અને સરકારો માટે ચિંતાનો વિષય બનતી જાય છે.

એવું પણ નથી કે બાળકોના ગુમ થવા પાછળ ફક્ત કોઈ ગેંગ કે અસામાજિક તત્વોનો જ હાથ હોય છે. ગુમ થતા આ બાળકોમાંથી અમુક ટકા બાળકો માંબાપના ઝગડા, વધુ ભણવાનું પ્રેશર, ફિલ્મી હીરો હિરોઈન થવાની ચાહત જેવા કારણોથી ઘરેથી ભાગી જતા હોય છે. ટીનેજર બાળકો પ્રેમસબંધોને લીધે ઘરથી ભાગી જતા હોય છે પણ આ બધા કારણો તો ૧૫ વર્ષ કે એથી ઉપરની ઉમરવાળા ગુમ થયેલા બાળકોને લાગુ પાડી શકાય પણ ૧૦ વર્ષ કે સાવ નાના બાળકોના ગુમ થવા પાછળ તો ઉઠાવગીર ટોળકીઓનો જ હાથ હોવાના અનેકો કિસ્સા બાળકો પરત મળ્યા પછી જાણવા મળે જ છે. મોટાભાગે કુમળી વયના આ બાળકોનો ઉપયોગ ભીખ મંગાવવામાં વધુ થાય છે આ ઉપરાંત બાળકોના અવયવો કાઢીને વેચવાના ગોરખધંધા કરતી વ્યવસ્થિત ટોળકીઓ પ્રવૃત છે. નવજાત બાળકોની ઉઠાંતરી કરીને એને સંતાનહીન દંપતીને વેચી દેવામાં આવે છે.નાની ઉમરની છોકરીઓને વેશ્યાવૃતિ જેવા અધમ વ્યવસાયમાં ધકેલી દેવાના અનેક ચોકાવનારા કિસ્સાઓ બહાર આવે છે જેમ અપહરણના મોટાભાગના કીસ્સોમાં નજીકનું જ કોઈ વ્યક્તિ સામેલ હોય છે એમ વેશ્યાવૃતિના આ વિષચક્રમાં છોકરીઓને ધકેલવાનું કામ મોટાભાગે જાણીતી વ્યક્તિઓ જ કરતી હોય છે છતાં પણ એ હકીકત છે કે બાળકોના ગુમ થવાના અર્ધા ઉપરના કિસ્સાઓમાં કોણ ઉપાડી ગયું એની માત્ર કલ્પનાઓ જ કરીને માથે હાથ મૂકી બેસી રહેવા સિવાય કોઈ આરોવારો રહેતો નથી.

ઉપરના આંકડાઓ તો ફક્ત મહાનગર પૂરતા જ છે એમ સમજી લેવાનું. બિહાર, આંધ્ર કે યુપીના અંતરિયાળ અને બેહદ ગરીબ ઈલાકામાંથી ઉપર લખ્યા એવા કામો માટે ઉઠાવી જવાતા બાળકોના કોઈ ચોક્કસ આંકડાઓ ઉપલબ્ધ છે જ નહિ. દિલ્હીની નજીકના ગુડગાવના કારખાનાઓમાં કામ કરતા (એમ સમજોને કે વેઠિયા મજુરો તરીકે જીવતા) અનેક કુમળા બાળકો ઉઠાવેલા હોય છે, હમણાં જ દિલ્હી પોલીસે ઓપરેશન મુશ્કાન નામે આવા બાળકોને છોડાવવાનો એક પ્રયાસ કરેલો.સરકારની સાથે સાથે અનેક એનજીઓ ગુમ થયેલા બાળકોની ભાળ મેળવવાનું કાર્ય કરી રહી છે. રેલ્વે સ્ટેશનો, ધાર્મિક સ્થળો, કૂટણખાનાઓ, કારખાનાઓ જેવા સ્થળોએ ફરીફરીને એકલદોકલ કે શોષિત બાળકોના પરિવાર અંગેની જાણકારી મેળવવાની કે એમને આ ચુંગાલમાંથી છોડાવવાની પ્રશંશનીય કામગીરી કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં એકલા દિલ્હીના જ રેલ્વે સ્ટેશન પરથી ગુમ થયેલાની જાણ કરાયેલા ૩૦૦૦ બાળકો મળી આવ્યા છે. હવે એ સમય આવી ગયો છે કે બાળકને આવી શક્યતાઓ કે પરિસ્થિતિનો સામનો કરવાની તાલીમ કે જાણકારી આપવી એ પણ હરેક માંબાપની ફરજ બની ગઈ છે. સ્કુલે કે બીજે ક્યાય પણ અજાણ્યા લોકો પસેહી કોઈ ચીજ ખાવી નહિ થી લઈને લગ્ન સ્થળોએ કે મેળા જેવા જાહેર સ્થળોએ બાળકને પોતાની સાથે જ રાખવાની કાળજી લેવા જેવી એલર્ટની ખાસ જરૂર છે. આજના શોશિયલ સાઈટ્સના જમાનામાં ગુમશુદા બાળકની તસ્વીરો કે માહિતી ખુબ જ ઝડપથી સર્વત્ર ફરી વળે છે અને ઘણાખરા કિસ્સાઓમાં બાળકની ભાળ મેળવવામાં મદદરૂપ થાય પણ છે પરંતુ હજુ પણ ગુમ થતા બાળકોમાંથી ખુબ જ મોટી સંખ્યામાં બાળકો માંબાપને પરત મળતા નથી. સમાજ, સરકાર અને માંબાપો એ આ દિશામાં સંગઠિત, સાવચેત અને ચકોર પ્રયત્નો કરવા જ રહ્યા નહીતર ભારતમાં માનવ તસ્કરી (હ્યુમન ટ્રાફિકીંગ)ની આ અધમ પ્રવૃત્તિ એકદિવસ વહાલસોયા ગુમાવી ચુકેલા અનેક માંબાપોની આંખોમાંથી સતત વહેતા આંસુઓનું કારણ બનશે.

- akurjt@gmail.com

# હે પિતા, તને પ્રણામ...

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**



જગતભરના સાહિત્યમાં જે પાત્ર વિશે સૌથી ઓછું લખાયું છે એ પાત્ર છે પિતા નું, અને સૌથી વધુ જેના વિશે લખાયું છે એ પાત્ર છે મા. નું. સંસાર રથના આ બે પૈડાં છે. માતા પિતા, આ બન્ને માંથી એકપણ વિના પરિવાર અધૂરો છે. આમ છતાંય આપણા પરિવારમાં અને સમાજમાં પણ પિતાથી વિશેષ મહત્વ માને જ અપાયું છે. પિતાની અનાયાસે હંમેશાં અવગણના જ થઈ છે. કેમ કે પિતા એ પારિવારિક અને સાહિત્યિક રીતે હંમેશાં નગણ્ય પાત્ર રહ્યું છે. ઘરમાં આપણે પિતાને ક્યારેય સાચી રીતે ઓળખી જ શક્યા નથી. કેમ કે માની મમતા અને લાગણીની આડશમાં આપણે પિતાનો પ્રેમ, ચિંતા અને જવાબદારી જોઈ શકતા નથી. અને હૂંફ પણ .. આનું એક જ કારણ છે કે પિતા એની જવાબદારી મૌન થઈને નિભાવે છે. વળી જયા 'મા નાની નાની વાતોમાં, નાના નાના પ્રશ્નોમાં તકલીફોમાં રડી લે છે. તેથી પ્રત્યેક ઘરના બાળકોએ પ્રત્યેક ઘરમાં મોટેભાગે 'મા ની આંખના જ આંસુઓ જ જોયા હોય છે, પિતાના નહી, તેથી ઘરમાં બાળકોને એવું લાગે છે કે બધુ દુખ મા એકલી જ સહન કરે છે. પિતાને કોઈ દુખ છે જ નહી. પરંતુ પિતા રાત્રે એકલો એકલો રડી લેતો હોય છે એ કોઈને જોવા નથી મળતું. અને આમ જ ધીમે ધીમે મા પ્રત્યે પક્ષપાત પણ બંધાતો જાય છે. મા પોતાની મમતાથી, પ્રેમથી કે લાગણીથી ઘરને મ્હેંકતું કરે છે પરંતુ પિતા ઘરની બહાર રહીને પણ ઘર અંદરની શાંતિ બનાવી રાખે છે. કેમ કે પિતા ઘર માટે થઈને બહારની દુનિયા સાથે સતત સંઘર્ષ કરતો રહે છે. તે પોતાની અંગત સુખની, લાગણીની પરવા કર્યા વિના જ અથવા કહો કે પોતાની બધી જ લાગણીને મનનાં જ રાખીને, દબાવીને બહાર નોકરી કે ધંધે જાય છે. બહાર મહેનત કરે છે આખા પરિવારના ભરતપોષણનો ભાર પિતાના ખભે હોય છે. માતા ઘરમાં સતત પ્રત્યક્ષ રીતે બાળકોને સ્નેહ કરી શકે છે જયારે પિતા પરોક્ષ રીતે પણ પોતાનો સ્નેહ વ્યક્ત કરી શકતો નથી. મા તો માત્ર ઘરનું જ દુઃખ સહન કરે છે જયારે પિતા તો પૂરા પરિવારનું, સમાજનું અને આખી દુનિયાનું દુઃખ સહન કરીને જીવતો હોય છે. એને તો ઘરની સમસ્યાઓની સાથે સાથે બહારની સમસ્યાઓ સાથે પણ લડવું પડતું હોય છે. જે કોઈ નથી જાણતું હોતું. બહારની દુનિયાની કડવી વાસ્તવિકતા જાણતો હોવાથી પિતા ઘણી વખત પોતાના સંતાનો માટે કે પરિવાર માટે કઠોર નિર્ણય પણ લેતો હોય છે. જેને નહી સમજી શકવાથી ઘણીવાર પરિવારમાં સંઘર્ષ ભો થાય છે, પિતા પ્રત્યે નેગેટિવ ભાવ ઉભો થાય છે. કારણ ઘરમાં મા મોટેભાગે લાગણીથી નિર્ણયો લેતી હોય છે જયારે પિતાના નિર્ણયો પરિવારના હિતમાં બુદ્ધિથી લેવાતા હોય છે. મા ની લાગણી થોડો સમય ચોક્કસ સુખ આપે છે પરંતુ પિતાનો કઠોર નિર્ણય લાંબા સમયનું જીવન પર્યંતનું સુખ આપતો હોય છે. વળી જે ઘરમાં દીકરી હશે તે ઘરમાં પિતાની વ્યથા પીડા કોઈ નથી સમજી શકતું હોતું. કેમ કે આવા યુગમાં આપણે ભલે ગમે તેટલી સ્ત્રી સ્વાતંત્ર્યની વાતો કરીએ પણ દીકરીની સર્વ રીતે સુરક્ષાને લઈને, શિક્ષણને લઈને અને તેના લગ્ન પછીના સુખને લઈને પિતા કેટલો ચિંતિત હોય છે એ તો માત્ર એક દીકરીનો પિતા જ જાણી શકે. આપણે માનીએ છીએ કે સંતાનને જન્મ મા આપે છે. એનો સારી રીતે ઉછેર પણ મા કરે છે. પરંતુ પિતા સંતાનોને, પરિવારને પારિવારિક, સામાજિક સુરક્ષા આપે છે. જો આ સુરક્ષા ના હોત તો? વિચારી તો જુઓ? આપણી દીકરીઓ કે દીકરાઓનું ભવિષ્ય કેવું હોત? કોઈ દીકરી સલામત હોત ખરી? મિત્રો, જે ઘરમાં પિતા નથી તે ઘરના બાળકોને પૂછો, પિતાનું મૂલ્ય શું છે? પિતાનો અભાવ કેવો પીડે છે? જે પિતા પોતાના પુત્રને ૨૦/૨૫ હજારનો મોબાઈલ અપાવી પોતે બેચાર હજાર વાળો સાદો મોબાઈલ વાપરે કે પુત્રને નવું કિંમતી બાઈક કે ગાડી અપાવી પોતે જુના સ્કૂટરથી ચલાવે કે સંતાનોને નવા કપડા અપાવી પોતે એ જ જુના કપડા પહેરી પ્રસંગો ઉજવે એવા પિતાની લાગણીને સમજવામાં આપણે હંમેશાં ઉણા ઉતર્યા છીએ. પરંતુ આપણે સંતાન તરીકે માત્ર આપણી જ જરૂરિયાતોને જ ધ્યાનમાં રાખીએ છીએ. આપણે મા વિના નથી રહી શકતા પણ પિતા વિના રહી શકીએ છીએ અને મા આપણા વિના નથી રહી શકતી જયારે પિતા આપણા વિના રહી શકે છે એવું આપણે યુગોથી માનતા આવ્યા છીએ. કેટલાક કિસ્સાઓમાં આ વાત સાચી હશે. પરંતુ પિતા નોકરી ધંધાર્થે કે અન્ય કોઈ કારણથી ઘરથી દૂર રહેતા હોય તો આપણને પિતાની બહું ચિંતા હોતી નથી કેમ કે આપણે માનીએ છીએ કે પિતા પુરુષ છે એ એકલો જીવી લેશે. પરંતુ આવા પિતાની એકલતા વિશે કોઈ નથી વિચારતું. પરિવારથી દૂર રહેતા પિતા જયારે તેની આજુબાજુ રમતા બાળકોને જુએ છે ત્યારે પિતાની ભીની થતી આંખો હજારો આંસુઓથી પણ વધારે પીડાદાયક હોય છે. એક પિતા માટે તો જીવનનું સૌથી મોટું દુઃખ તો એ છે કે જે દીકરી કે દીકરાને બાળપણમાં આખી આખી રાત પોતાના ખોળામાં સુવડાવીને પોતે જાગતા બેઠા રહ્યા હોય એ જ પુત્ર કે પુત્રી મોટા થઈને પોતાના પિતાને કહી દેતા હોય છે કે, આ મારું દુઃખ છે, આ મારું સુખ છે, આ મારો નિર્ણય છે કે આ મારું જીવન છે એમાં તમારે ડખલ દેવાની કોઈ જરૂર નથી. આવા શબ્દો સાંભળીને પિતા અંદરથી કેટલો પીડાતો હશે તૂટી જતો હશે? એ વાત તો એ સંતાન જયારે કોઈના પિતા કે માતા બને ત્યારે જ સમજાય છે.

પિતા જયારે એક ઘર બનાવે છે ત્યારે એ એમાં પોતાના સપનાઓ વાવે છે. સપનાના રંગો ભરે છે એમાં, અને એ રંગો ભરવા એણે પોતાની અંગત કેટલીયે ઈચ્છાઓનો ભોગ આપ્યો હોય છે ત્યારે એક ઘર બને છે. પરંતુ એ જ ઘર જયારે પિતાને છોડવું પડે છે ત્યારે એ નહી રડીને આખી જિંદગી અંદરથી રડવાની પીડા લઈ લેતો હોય છે.

મિત્રો, જિંદગીમાં માત્ર એક વખત પિતા માટે, પિતા વિશે એક કલાક એકાંતમાં વિચારો, તેમણે તમારી માટે શું શું કર્યું? શું શું કરવા ઈચ્છે છે? અને શું શું કરશે? ત્યારે જ પિતાનું સાચું ગૌરવ સમજાશે. આપણા પિતાના નામ સાથે પરિવારની ઈજ્જત જોડાયેલી છે. પિતા વિના કોઈપણ પરિવાર પારિવારિક કે સામાજિક મૂલ્ય સ્થાપિત કરી શકતો નથી. માનું મૂલ્ય માની મમતામાં છે તો પિતાનું મૂલ્ય વ્યવસ્થામાં છે, સુરક્ષામાં છે. મા આપણને લાગણીસંવેદનાના પાઠ શીખવે છે તો પિતા કઠોરતાના ધૈર્યના પાઠ શીખવે છે. મા આપણને પ્રેમ કરતા શીખવે છે તો પિતા આપણને વિકટમાં વિકટ પરિસ્થિતિનો સામનો કરતા શીખવે છે. મા રડતા શીખવે છે તો પિતા આંસુઓ પીને હસતા રહેતા શીખવે છે. મા બોલતા શીખવે છે તો પિતા મૌન રહેતા શીખવે છે. મા આપણને સંસ્કાર આપે છે તો પિતા આપણને વિચાર આપે છે. બુદ્ધિ આપે છે. મા આપણી ઓળખ છે તો પિતા આપણું ગૌરવ છે.

મિત્રો, પિતાને 'પિતા' એટલે કહેવાય છે કે તે હંમેશાં આપણા પરિવારના બધા જ દુઃખ, દર્દ, આંસુ હસતા હસતા પીવે છે. જે કોઈ નથી જોઈ શકતું. અને જે હસતા હસતા દુઃખ દર્દ પીતા હોય એને 'પિતા' જ કહી શકાય. અને આવો આજે આપણે ઘરથી દૂર રહેતા પિતાને એક ફોન કરીને પૂછીએ કે 'પપ્પા તમે કેમ છો?' પછી ભલે પિતાની આંખો ભીની થાય પણ એ ભીનાશ એમના હદયને પરમ શાંતિની અનુભૂતિ કરાવશે. શાતા આપશે.

9426060601.india@gmail.com